**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૮૫ ટકા



# પ્રધાનમંત્રીના જન્મદિને ગાંધીનગરના યુવાનોએ 'નમો'ની રંગોળી બનાવી

ગાંધીનગર, તા.૧૬

જેમના નેતૃત્વ હેઠળ ભારત દેશ જ્યારે વિશ્વફલક પર યશ પ્રાપ્ત કરી રહ્યો છે તેવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો તા.૧૭મી સપ્ટેમ્બર ગુરૂવારે જન્મદિવસ છે. ગાંધીનગરના કેટલાંક યુવાનો જેઓ વડાપ્રધાનને કર્મઠ લોકસેવક તરીકે માને છે અને નરેન્દ્ર મોદી પ્રત્યેની લાગણી અન્ય કરોડો હિન્દુસ્તાનીઓની જેમ તેમના હૃદયમા પણ છે તેથી તેમના જન્મદિને આ યુવાનોએ અદભુત રંગોળી થકી વડાપ્રધાનની હુબહુ તસવીર બનાવી તેમને સમર્પિત કરી છે.

ગાંધીનગરના કેટલાક યુવા મિત્રો ઈન્ફોસિટી ખાતે 'કમીને પરિન્દે' નામનો ટેટુ સ્ટુડિયો ચલાવી રહ્યા છે. આ યુવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રશંસક છે તેથી તેઓ તેમના જન્મદિને વડાપ્રધાનને અન્ય કરતાં કંઈક અલગ જ ભેટ આપવાનું વિચારી રહ્યા હતા. વડાપ્રધાનને શું ભેટ આપી શકાય તેનું મનન કરતાં આ યુવાનોને એવો વિચાર આવ્યો કે 'રંગો જ આપણું જીવન બની ગયા છે તો તેવા રંગોથી જ આપણે આ પ્રખર દેશભક્ત અને લોકસેવક મોદી સાહેબનું રેખાચિત્ર દોરી શકીએ તો એ દેશનું સન્માન ગણાશે'. બસ આ વિચારે તે યુવાનોએ આજે વડાપ્રધાનને જન્મદિવસે અંદાજે ૭ કલાકની મહેનત કરીને રંગોળી વડે વડાપ્રધાનની અદભૂત તસવીર બનાવી શુભેચ્છા પાઠવી છે. આ રંગોળી બનાવવામાં ટેટુ આર્ટીસ્ટ ભાર્ગવ પટેલ, રંગોળી આર્ટીસ્ટ યશવંત શાહ અને 'કમીને પરીન્દે ટેટુ સ્ટુડિઓ'ના દરેક સભ્યોએ મહેનત કરી છે અને આ તમામ યુવાનોએ વડાપ્રધાનને દિલથી જન્મદિવસની હાર્દિક શુભકામના પાઠવી છે.

# સે-૭ પોસ્ટ ઓફિસનું સર્વર ડાઉન રહેતું હોવાથી ગ્રાહકોને હાલાકી

## સવારથી લાઈનમાં ઉભા રહેતા ગ્રાહકોને બપોર સુધી નંબર આવતો નથી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના સેક્ટર-૭માં છેલ્લા ઘણાં દિવસોથી પોસ્ટ ઓફિસના સર્વર ડાઉન હોવાની સમસ્યાને કારણે નાની બચતથી માંડીને તમામ પ્રકારના ગ્રાહકો પરેશાનીનો ભોગ બની રહ્યા છે. એક તરફ પોસ્ટ ઓફિસ દ્વારા ગ્રાહકોના બચત ખાતામાં લઘુત્તમ બેલેન્સ રૂ.૫૦૦ ફરજિયાત રાખવું પડશે તેવું જાહેર કરવામાં આવ્યું છે પરંતુ બીજી તરફ પોસ્ટ ઓફિસની સેવામાં હજુ પણ સુધારો થયેલો જોવા મળતો નથી. આ સ્થિતિમાં વિધવા પેન્શનર્સ તથા સિનિયર સિટીઝન્સ વગેરેને વારંવાર ધક્કા પડવાથી ભારે પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે તેમજ કોરોના સંક્રમણનો ચેપ લાગી જવાનો ખતરો પણ તેમના માથે તોળાય છે.

ડિજિટલ ટેકનોલોજીના વિકાસ પછી સંદેશા વ્યવહાર બાબતે ટપાલનું મહત્ત્વ ખૂબ જ ઘટી જવા પામ્યું છે પરંતુ પોસ્ટ ઓફિસ ખાતેથી નાની બચત યોજના, કિસાન વિકાસ પત્ર, નેશનલ સેવિંગ સ્કીમ, મંથલી રિકરિંગ બચત યોજના, વિધવા પેન્શન સહિતની વિવિધ



સેવાઓ માટે હજુ પણ અનેક નાગરિકો પોસ્ટ ઓફિસના સહારે છે આ ઉપરાંત ગાંધીનગરમાં મોટી સંખ્યામાં વસતા પેન્શનર્સ અને સિનિયર સિટીઝન્સ વગેરે માટે પણ પોસ્ટ ઓફિસ એક ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ કારણે પોસ્ટ ઓફિસમાં હજુ પણ ગ્રાહકોની વિવિધ કાર્યો માટે લાઈન લાગતી હોય છે. આ સ્થિતિમાં પોસ્ટ ઓફિસમાં વારંવાર સર્વર ડાઉન થવાની સમસ્યા ગ્રાહકોને પરેશાન કરી મૂક્યા છે અને ગ્રાહકોનો અમૂલ્ય કિંમતી સમય વેડફાઈ રહ્યો છે પરંતુ આ સમસ્યાનો ઉકેલ આવતો નથી. વળી બપોરના બે વાગ્યા પછી પોસ્ટ ઓફિસ દ્વારા નાણાકીય વ્યવહારોના કામ બંધ કરી દેવામાં આવે છે પરંતુ અહીં સર્વર ડાઉનના બહાના હેઠળ નાણાકીય વ્યવહારો સિવાયના કામ પણ લેવાનું ટાળવામાં આવી રહ્યું છે જેના કારણે અનેક ગ્રાહકોને ધરમ ધક્કા પડી રહ્યા છે. લાંબી લચક લાઈનોમાં ઉભા રહી સમયનો વેડફાટ થતો હોવાથી અકળાતા ગ્રાહકો અને પોસ્ટના કર્મચારીઓ સાથે આ બાબતે ઘણીવાર તો તું તું મેં મેં જેવી ચકમક ઝરતી પણ જોવા મળે છે પરંતુ આ સમસ્યાના ઉકેલની દિશામાં કોઈ નક્કર પગલાં લેવાતાં હોય તે જણાતું નથી.



ગાંધીનગરના પહોળા માર્ગોને વાહનચાલકો રાજમાર્ગ સમજી બેફામ ગાડીઓ હંકારે છે. 'ગ' રોડની આસપાસ ઘણી વસ્તી હોવા છતાં વાહનચાલકો ટ્રાફિકના નિયમોનું પાલન કરતા નથી. ગ-રોડ પર વેગનઆર ગાડીના ચાલકે પગપાળા જઈ રહેલા શ્રમજીવીને ટકકર મારતા તેને નાની મોટી ઈજાઓ થઈ હતી.

# સે-૨૧ એમએલએ કવાટર્સમાં ઠાસરાના ધારાસભ્યના ભાણેજનો આપઘાત

## બિમારીથી કંટાળીને ૪૨ વર્ષિય યુવકે આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ એમએલએ કવાટર્સ ખાતે ૪૨ વર્ષિય યુવકે દોરી વડે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. ધારાસભ્યના નિવાસસ્થાન બ્લોક નં.૧૨ ના ત્રીજા માળે ૧૦ નંબરના મકાનની બહારની બાજુએ ઠાસરાના ધારાસભ્યના ભાણેજે દોરી વડે આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ગાંધીનગર ખાતે રહેતા અને છેલ્લા બે ત્રણ માસથી લકવાની બિમારીથી પિડીત યુવકે બિમારીથી કંટાળીને આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં ધ્યાને આવ્યું છે.

મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૧ સ્થિત ધારાસભ્યના નિવાસસ્થાન બ્લોક નં. ૧૨-૧૦ ખાતે ઠાસરાના જેઠીપુરા ગામના રાકેશસિંહ હઠીસિંહ ચાવડા પરિવાર સાથે રહે છે. મંગળવારના રોજ રાત્રીના સુમારે તેઓ બ્લોકમાં ધાબા પર જવાની સીડી પાસે લોખંડની જાળી સાથે દોરી બાંધીને ગળાફાંસો ખાઈ લીધો હતો. રાકેશસિંહ ધારાસભ્ય કાંતિભાઈના સગા ભાણેજ થાય છે. રાકેશસિંહ બે અઢી માસથી લકવાની બિમારીથી પિડાતા હતા. જેથી મંગળવારના રોજ રાત્રીના ૧૧ કલાકે તેઓ ઘરમાંથી બહાર નીકળ્યા હતા. ત્યારે સાડા બાર વાગ્યા સુધી તેઓ ઘરમાં ન આવતા પત્નીએ શોધખોળ આદરી હતી. ત્યારે તેઓ ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા. બનાવને પગલે સેકટર-૨૧ પોલીસે રાત્રે જ મૃતદેહની પીએમઅર્થે મોકલી આપીને અખસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ આદરી છે. ઉલ્લેખનીય છે કે મૃતક રાકેશસિંહ સેકટર-૨૧ ધારાસભ્યના નિવાસસ્થાને એકલા જ રહેતા હતા. પરંતુ લકવાની બિમારીને પગલે બે માસથી તેમની પત્ની અને ૧૮ વર્ષનો પુત્ર સાથે રહેવા આવી ગયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં તેઓએ બિમારીથી કંટાળીને આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે.

# કોરોના કાળમાં અવસાન પામેલા દિવંગત આત્માઓની સદગતિ અર્થે આજે પ્રાર્થનાસભા

## વસાહત મહાસંઘ દ્વારા સે-૩૦ મુક્તિધામ ખાતે યોજાનાર આ પ્રાર્થના સભામાં દિવંગતોને કેન્ડલ લાઈટ થકી શ્રદ્ધાંજલિ અપાશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા આગામી તા.૧૭મી સપ્ટેમ્બર ગુરુવારે સાંજે ૫ કલાકે શહેરના સેક્ટર-૩૦ ખાતેના સ્મશાન મુક્તિધામ ખાતે પાટનગરમાં કોરોના કાળ દરમ્યાન અવસાન પામેલા તમામ દિવંગત આત્માઓને શાંતિ-સદગતિ માટે એક પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રાર્થના સભાના સમાપને મીણબત્તી પ્રાગટ્ય થકી દિવંગત આત્માઓને શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવશે.

દેશભરમાં કોરોના મહામારી સતત વધુને વધુ નાગરિકોને તેનો શિકાર બનાવતી રહી છે. ગાંધીનગરમાં પણ કોરોના મહામારીના કેસો દિનપ્રતિદિન વધી રહ્યા છે. શહેરમાં જ્યારથી કારોના વાયરસ સંક્રમણ ફેલાવાનું શરૂ થયું છે ત્યારથી લઈને અત્યાર સુધીમાં જેટલા પણ દર્દીઓએ તેમના જીવ ગુમાવ્યા છે તેનો સરકારી ચોપડે આંકડો ૧૫૦થી વધુ ઉપર પહોચ્યો છે. શહેરના આ મૃતક કોરોના દર્દીઓ તથા તે જે પણ કારોના વોરિયર્સે આ સેવા દરમિયાન જીવ ગુમાવ્યો છે તે સહિત કોરોના કાળમાં મૃત્યુ પામેલા અન્ય તમામ નાગરિકોના આત્માની પણ શાંતિ અને સદગતિ માટે તેમને શ્રદ્ધાંજલી આપવાના હેતુથી ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા તા. ૧૭મી સપ્ટેમ્બર ગુરુવારે સાંજે ૫ કલાકે શહેરના સેકટર-૩૦ ખાતેના સ્મશાન મુક્તિધામ ખાતે એક પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રાર્થના સભાના સમાપને ઉપસ્થિત તમામ અગ્રણીઓ-સભ્યો દ્વારા મીણબત્તી પ્રગટાવીને શહેરના દિવંગત આત્માઓને શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવશે. આ પ્રાર્થના સભામાં સમગ્ર કારોના કાળ દરમિયાન કોરોના મહામારી કારણે અથવા કોઈ પણ અન્ય કારણોસર અવસાન પામેલા દિવંગત આત્માઓના પારિવારિક આપ્તજન ઉપરાંત સગા સંબંધી અને મિત્રો-સ્નેહીજનોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ આપવા શહેર વસાહત મહાસંઘે જાહેર આમંત્રણ પાઠવે છે તેવું શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ જણાવ્યું હતું.

# આજે રાજસ્થાન સમાજ સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૬

દેશના પ્રધાનમંત્રી અને ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદીના ૭૦મા જન્મદિવસ દિવસના ઉપલક્ષમાં સમગ્ર દેશમાં સેવા સપ્તાહ ઉજવાઈ રહ્યું છે જે અંતર્ગત વિવિધ સામાજિક, સેવાકીય અને પર્યાવરણ વિષયક સેવાઓ કરવામાં આવી રહી છે. આ પ્રસંગે ગાંધીનગરના રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ દ્વારા વડાપ્રધાનના જન્મદિવસ તા. ૧૭મી સપ્ટેમ્બર ગુરૂવારના દિવસે સવારે ૧૦ કલાકે સેક્ટર-૨૧માં વિશ્વકર્મા શોપિંગ સેન્ટરની બાજુમાં રામદેવપીરના મંદિર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે તેવું સંસ્થાના અધ્યક્ષ તુલસીભાઈ માલીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# લીઓ કલબ ઓફ ગાંધીનગર દ્વારા ઓપન માઈક કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા.૧૬

લીઓ કલબ ઓફ ગાંધીનગર દ્વારા ઓપન માઈક પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગરના લેખકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં વેદિકા મહેતા, ચંચલ ક્રિપ્લાની, વિશ્વજીત દેસાઈ અને વિનય જયસિંઘાનીએ તેમના લખાણો રજૂ કર્યા હતા. સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે યોજવામાં આવેલ આ કાર્યક્રમમાં લાયન પ્રમુખ ઉમંગભાઈ પંડયા, લાયોનેસ પ્રમુખ મિત્તલ રાણા સાથે તમામ સભ્યોએ આ કાર્યક્રમનો આનંદ માણ્યો હતો.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ઓઝોન દિન ઉજવાયો

## મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં ઈ-વેસ્ટ વાન ફલેગ ઓફ કરાઈ

ગાંધીનગર, તા.૧૬

એકવીસમી સદીની વૈશ્વિક સમસ્યાઓમાં ઓઝોન પડનું પાતળું થવું એ પણ મોટી સમસ્યા છે. સુર્યમાંથી આવતા પારજાંબલી કિરણો પૃથ્વીની સપાટી પર પંદર કિલોમીટરથી પચાસ કિલોમીટર સુધી આવેલા ઓઝોન પડમાં સોષાઈ જાય છે જેના કારણે પૃથ્વી પરની જીવંતસૃષ્ટિનું રક્ષણ થાય છે. સુર્યમાંથી આવતા આ કિરણો જો પૃથ્વી પર સીધા આવે તો આપણને ચામડીના વિવિધ રોગો તેમજ કેન્સર થવાની શક્યતા રહે છે. એર કંડીશન મશીન, રેફ્રીજરેટર તથા કેટલાક પદાર્થોની બનાવટમાં કલોરો- ફ્લોરો કાર્બન જેવા ઓ.ડી.એસ પદાર્થો વપરાય છે. આ પદાર્થો ઓઝોનના પડને પાતળું કરે છે. જો આ સમસ્યા પ્રત્યે જાગૃતિ કેળવવામાં ન આવે તો લાંબાગાળે જીવંતસૃષ્ટિ ને





તેની ઘાતક અસરો થાય છે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષે આ દિવસની ઉજવણી વિવિધ કાર્યક્રમો દ્વારા કરવામાં આવે છે. આ વર્ષે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર મહાનગરપાલિકા અને ઈ-કોલી વેસ્ટ મેં.પ્રા.લી. ના સયુંકત ઉપકમે તારીખ ૨૩/૦૮/૨૦૨૦ થી ૧૩/૦૯/૨૦૨૦ સુધી દર રવિવારના રોજ ઈ-વેસ્ટ કલેકશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના નાગરીકોએ મોટા પ્રમાણમાં ઈ-વેસ્ટ જમા કરાવ્યો હતો. એકત્રિત થયેલ ઈ-વેસ્ટની વાન ફલેગ ઓફ કાર્યક્રમનું આજ રોજ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે રીટાબેન પટેલ, મેયર ગાંધીનગર મહાનગરપાલિકા, અરૂણ બુચ (પ્રમુખશ્રી ગાંધીનગર શહેર વસાહત મહામંડળ), દિપેશભાઈ પટેલ (ડાયરેક્ટર, ઈ-કોલી વેસ્ટ મેં.પ્રા.લી.), અનિલભાઈ (જી.પી.સી.બી. ગાંધીનગર), મમતાબેન રાવલ (પ્રમુખશ્રી-લાયન્સ કલબ ગાંધીનગર ફેમિના), નીલાબેન શુકલ (કોર્પોરેટરશ્રી), પ્રજ્ઞાબેન પટેલ (પ્રમુખશ્રી, આત્મન સંસ્થા), ડૉ.અનિલભાઈ પટેલ (મેનેજીંગ ટ્રસ્ટી-નિસર્ગ સાયન્સ સેન્ટર,ગાંધીનગર) ઉપસ્થિત રહ્યા હતા.

મેયરશ્રી એ તેમના પ્રાસંગિક પ્રવચનમાં ગાંધીનગરને હરિયાળું બનાવવા માટે ઈ-વેસ્ટ કલેકશનના વધુ કાર્યક્રમો યોજવાની હાકલ કરી હતી. દિવાળી પહેલા વધુમાં વધુ શહેરીજનો પોતાના ઘરમાં રહેલો હાનીકારક ઈ-વેસ્ટનો યોગ્ય રીતે નિકાલ કરે તેવી વ્યવસ્થા ગોઠવવાની વાત કરી હતી. મેયરશ્રી તેમજ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ઈ-વેસ્ટ કલેકશન વાનનો ફલેગ ઓફ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ગાંધીનગરના પર્યાવરણ પ્રેમી નાગરિકો જેવા કે સંદીપભાઈ, ડૉ.રણછોડ રથવી, ડૉ.ઉમેશ તળપદા, સુધીર દેસાઈ, નટવર હેડાઉ, રજનીકાંત સુથાર, નીતિન પટેલ, પંકજ શુકલ હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં નિસર્ગ સાયન્સ સેન્ટરના કો.ઓર્ડીનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ તેમજ ઈ-કોલી વેસ્ટ મેં.પ્રા.લી. ના મૌલિક પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર તખુજી શકરજી, ઉ.વ. ૮૫, લેકાવાડા, તા. ગાંધીનગર
- સ્વ. બિપીનભાઈ ભયજીભાઈ પટેલ, ઉ.વ. ૬૦, વલાદ, તા. ગાંધીનગર
- સ્વ. સોલંકી લાલાજી શનાજી, ઉ.વ. ૮૦, ડભોડા, ઓતાજીના છાપરાં
- સ્વ. પ્રજાપતિ નરેશભાઈ ભગવાનદાસ, ઉ.વ. ૪૭, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. પટેલ સાંતોકબેન શંભુદાસ, ઉ.વ. ૯૧, નારદીપુર, તા. કલોલ
- સ્વ. પારૂલબેન યોગેશકુમાર પુરોહિત, ઉ.વ ૫૨, સેકટર-૨૬, ગાંધીનગર
- સ્વ. અર્જુનસિંહ લક્ષ્મણસિંહ ગોહિલ, ઉ.વ. ૫૬, વાવોલ, તા. ગાંધીનગર
- સ્વ. હિતેન્દ્ર ગોવિંદલાલ પંડયા, ઉ.વ. ૫૫, સે-૫, ગાંધીનગર
- સ્વ. ગોપાલદાસ રામચંદ્ર કોટાઈ, ઉ.વ. ૬૪, રણાસણ, તા. ગાંધીનગર
- સ્વ. વિમળાબેન રમેશભાઈ મહેતા, ઉ.વ. ૭૫, દહેગામ, જી. ગાંધીનગર